ગામ નમુના નં.૬ માં ઈ–ધરા કેન્દ્ર ખાતે "હયાતીમાં હક્કદાખલ" ફેરફાર નોંધ ઓનલાઈન કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : હકપ/૧૦૨૦૨૨/૨૬૬૯/જ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૦૨/૨૦૨૩

**વંચાણમાં લીધા:**

(૧) મહેસૂલ વિભાગનો તા.૦૭/૦૩/૨૦૧૯ નો પરિપત્ર ક્રમાંક: હકપ/૧૦૨૦૧૯/૧૨૦૩/જ
(૨) મહેસૂલ વિભાગનો તા.૧૪/૦૫/૨૦૧૪ નો પરિપત્ર ક્રમાંક: હકપ/૧૦૨૦૧૪/૭૫૬/જ
(૩) મહેસૂલ વિભાગનો તા.૨૦/૦૯/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક: હકપ/૧૦૨૦૧૪/૭૫૬/જ

**આમુખ :**

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ–૧૩૫ (ગ) માં હયાતીમાં હક્ક સંપાદન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. રાજ્ય સરકારે અધિનિયમની ઉક્ત જોગવાઈઓ મુજબ વારસાઈની ફેરફાર નોંધો ઉપર વંચાણે લીધા (૧) ના પરિપત્રથી ઓનલાઈન કરી છે. તેમજ વારસાઈ માટે પેઢીનામું તૈયાર કરવા અંગેની સૂચનાઓ ઉપર વંચાણે લીધા (૨) અને (૩) ના પરિપત્રથી બહાર પાડેલ છે.

હાલમાં, હયાતીમાં હક્કદાખલ કરવા માટેની ફેરફાર નોંધની અરજી અરજદાર દ્વારા નિયત કરેલ અરજી ફોર્મમાં જરૂરી પુરાવા જેવા કે હયાતીમાં હક્કદાખલનો સંમતિલેખ, તલાટીએ બનાવેલ અસલ પેઢીનામા સાથે ઇ–ધરા કેન્દ્રમાં કરવામાં આવે છે. જે ઇ–ધરા નાયબ મામલતદાર દ્વારા ચકાસીને જો અરજી સાથે તમામ પુરાવાઓ રજુ કરેલ હોય કે ના હોય તો પણ કાચી નોંધ પાડવામાં આવે છે તથા અરજદારને જે રસીદ આપવામાં આવે તેમાં ખુટતા પુરાવાઓની વિગતો દર્શાવવામાં આવે છે. જરૂરી તમામ પુરાવાઓ રજુ થયેલ હોય તો કાચી ફેરફાર નોંધ જનરેટ થયા બાદ ૧૩૫–ડી ની નોટીસ અરજદાર અને સંબંધિતોને મોકલી આપવામાં આવે છે.

ઉપરોક્ત ઓફલાઈન પદ્ધતિને બદલે વહીવટી પ્રક્રિયા કોમ્પ્યુટરાઈઝડ, સુદ્રઢ અને ઝડપી બનાવવા હયાતીમાં હક્કદાખલની ફેરફાર નોંધની અરજી પણ ઓનલાઈન કરવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર :**

મહેસૂલી સેવાઓ વધુ ઝડપી, સરળ અને અરજદારો માટે સુવિધાપૂર્ણ બને તે હેતુથી "હયાતીમાં હક્કદાખલ" ની ફેરફાર નોંધની અરજી ઓનલાઈન કરવાની પદ્ધતિ આથી અમલમાં લાવવામાં આવે છે.

"હયાતીમાં હક્કદાખલ" ફેરફાર નોંધની અરજી ઓનલાઈન કરવા નીચે મુજબની કાર્યપદ્ધતિ અનુસરવાની રહેશે.

❖ **<u>અરજી પ્રક્રિયા – અરજદાર પક્ષે</u>**

➢ હયાતીમાં હક્કદાખલ કરવાની ફેરફાર નોંધ માટે અરજદારે <u>htpp://iora.gujarat.gov.in</u> પર ઓનલાઇન હયાતીમાં હક્કદાખલ નોંધ માટેની અરજી તે મુજબનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

➢ અરજી ફોર્મમાં જણાવેલ તમામ વિગતો શ્રુતિ ફોન્ટમાં ભરવાની રહેશે.

➢ હિત ધરાવનાર તમામના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઇ-મેઈલ એડ્રેસ (જો હોય તો) ની વિગતો જણાવવાની રહેશે.

➢ અરજદારે ઓનલાઇન અરજી સાથે હયાતીમાં હક્કદાખલનો સંમતિલેખ તથા પેઢીનામું સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. આપ્રમાણે ઓનલાઈન સબમીટ કર્યા તારીખથી મહત્તમ ૧૫ દિવસમાં અરજી, હયાતીમાં હક્કદાખલનો સંમતિલેખ તથા પેઢીનામાંના અસલ દસ્તાવેજો, જે તે તાલુકાના ઇ-ધરા કેન્દ્ર ખાતે રજુ કરવાના રહેશે.

➢ અરજી સાથે ૭/૧૨, ૮-અ જેવા અન્ય કોઈ જ દસ્તાવેજ અપલોડ કરવાના રહેશે નહીં.

➢ જો કોઇ ચોક્કસ કિસ્સા માટે કોઇ કોર્ટનો હુકમ હોય તો તેની વિગતો અપલોડ કરવાની રહેશે.

❖ **<u>મ્યુટેશન</u>**

➢ અરજદાર અરજી સબમીટ કરે ત્યારે આપોઆપ હક્કદાખલ નોંધ - પ્રિસ્કાઈબ્ડ ફોર્મેટમાં જનરેટ થશે તથા નોંધનો નંબર જનરેટ થશે.

➢ અરજદાર તથા અરજી મુજબના હક ધરાવનાર તમામના મોબાઇલ નંબરની વિગતો રજુ કરેલ હશે તો તે તમામને હયાતીમાં હક્ક દાખલની નોંધ બાબતે નિયત SMS જશે.

❖ **<u>ઇ-ધરા દ્વારા કરવાની કાર્યવાહી</u>**

➢ ઓનલાઇન હયાતીમાં હક્કદાખલ નોંધ મ્યુટેશન રજિસ્ટરમાં દેખાશે.

➢ ઇ-ધરા નાયબ મામલતદારે મ્યુટેશન રજિસ્ટર પરથી, હયાતીમાં હક્કદાખલનો સંમતિલેખ તથા પેઢીનામાની નકલની તથા અરજીની પ્રિન્ટ મેળવવાની રહેશે.

➢ જે તે ખાતાની ૮-અ તથા ૭/૧૨ ની પ્રિન્ટ પોતાના લોગઈનમાંથી મેળવાની રહેશે.

➢ અરજદાર દ્વારા હયાતીમાં હક્કદાખલનો સંમતિલેખ, પેઢીનામું તથા અસલ અરજી રજુ થયેથી ઓનલાઇન રિસિવ કરવાના રહેશે. જેથી અરજદારને 'SMS'થી જાણ થઇ શકે.

- જો ઓનલાઇન અરજી સબમીટ કર્યાના ૧૦ દિવસમાં અરજદાર દ્વારા હક્કદાખલનો સંમતિલેખ તથા પેઢીનામું રજુ કરવામાં ન આવે તો અગિયારમાં દિવસે સિસ્ટમ જનરેટેડ મેસેજથી જાણ કરવાની વ્યવસ્થા NIC દ્વારા કરવાની રહેશે.

❖ **<u>નોંધનો નિર્ણય</u>**

- નોંધના નિર્ણય કરનારને કાગળોની ચકાસણી દરમિયાન નોંધની સ્ક્રિપ્ટમાં જોડણીની કે નામની કોઇ ભૂલ જણાય તો અરજદાર દ્વારા રજુ કરાયેલ હયાતીમાં હક્કદાખલના સંમતિલેખ, પેઢીનામું તથા અસલ અરજી ચકાસીને તે મુજબના સુધારા સાથેની વિગતોનો ઉલ્લેખ નિર્ણયના લખાણમાં કરવાનો રહેશે.
- આવી હયાતીમાં હક્કદાખલ નોંધોનો નિર્ણય નિયમ મુજબ તમામ જોગવાઇઓ ચકાસીને જ કરવાનો રહેશે.

❖ **<u>S–ફોર્મ</u>**

- નોંધનો નિર્ણય કરનારે નિર્ણયના શેરામાં કરેલ આવા જોડણી સુધારા, નામ સુધારા મુજબના સુધારા 'S' ફોર્મ બનાવતી વખતે ઇ–ધરા નાયબ મામલતદારે ધ્યાને લેવાના રહેશે.
- નિર્ણયના શેરામાં કરેલ આવા જોડણી સુધારા, નામ સુધારા મુજબના સુધારા 'S' ફોર્મ બનાવતી વખતે ઇ–ધરા નાયબ મામલતદારે ધ્યાનમાં લીધેલ ન હોય તો સદરહું કિસ્સો તપાસને પાત્ર રહેશે.
- મહેસુલ તપાસણી કમિશ્નરની કચેરી દ્વારા આવી ઓનલાઇન હયાતીમાં હક્કદાખલ નોંધોનું વખતો–વખત ખાસ ઇન્સ્પેકશન કરવાનું રહેશે

આમ, ઉપર મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે. અરજદારે હયાતીમાં હક્કદાખલ અંગે અરજી કરવા અંગેનો નમૂનો આ સાથે સામેલ પરિશિષ્ટ – ૧ મુજબ દર્શાવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ગુણવંત વાઘેલા)**
**સરકારના સંયુક્ત સચિવ**

**પ્રતિ,**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.

- માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સુ.), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહેસુલ તપાસણી કમિશનરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પ્રોજેક્ટ ઓફિસરશ્રી, સ્ટેટ મોનિટરિંગ સેલ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત મહેસૂલ પંચ, લાલ દરવાજા, અમદાવાદ.
- ખાસ સચિવશ્રી(વિવાદ), મહેસૂલ વિભાગ, સોલા વિદ્યાપીઠ સામે, અમદાવાદ.
- સર્વે કલેક્ટરશ્રીઓ
- નિયામકશ્રી, NIC, બ્લોક નં.૧૩, સચિવાલય, ગાંધીનગર. (યોગ્ય અમલવારી સારૂ)
- સર્વે શાખાઓ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (પરિપત્રની નકલ વિભાગની વેબસાઈટ પર મૂકવા સારૂ.)
- શાખા સિલેક્ટ ફાઈલ-જ શાખા.

# હયાતીમાં હક્કદાખલની અરજીનો નમૂનો

## પરિશિષ્ટ – ૧

## (૧) અરજદારની વિગત

અરજદારનું નામ *

| | | |
|---|---|---|
| DE | DE | DE |

અરજદારનું સરનામું *

| | | |
|---|---|---|
| DE | DE | DE |

મોબાઈલ નંબર *

DE

ઈ–મેઈલ એડ્રેસ

DE

શહેર/ગામનું નામ *

DE

પીન કોડ નંબર *

DE

અરજદારશ્રીનો ખાતેદાર સાથેનો સંબધ *

SO

પસંદ કરવાની વિગત

- પોતે
- પિતા
- માતા
- પત્ની
- પતિ
- પુત્ર
- પુત્રી
- પુત્રવધુ
- પૌત્ર
- પૌત્રી
- દોહિત્ર
- દોહિત્રી

## (૨) ધારણ કરેલી જમીનની વિગત

ગામ : – DE તાલુકો : DE જિલ્લાનું નામ : DE

| ક્રમ | ખાતા નં. | ખાતાના સંલગ્ન રેવન્યુ સર્વે નંબર |
|---|---|---|
| ૧ | DE | AF |

## (૩) ૭/૧૨ મુજબના ધારકોની વિગત

| ક્રમ | ખાતેદારનું નામ | સરનામું | મોબાઈલ નંબર | હયાતીમાં હક્કદાખલ કરવાનો હોય તે ખાતેદારનું નામ |
|---|---|---|---|---|
| ૧ | AF | DE | DE | ☐ |
| ૨ | AF | DE | DE | ☐ |
| ૩ | AF | DE | DE | ☐ |

**નોંધ :- હયાતીમાં હક્ક દાખલ કરવાનો હોય તે ખાતેદારના નામ સામે ખરા ☑ નું નિશાન કરવું.**

## (૪) ૭/૧૨ મુજબના ખાતેદારના પેઢીનામા મુજબના વારસદારોની વિગત *

| ક્રમ | પેઢીનામા મુજબના વારસદારોના નામ | ખાતેદાર સાથેનો સંબંધ | ઉંમર | સરનામું | મોબાઈલ નં. |
|---|---|---|---|---|---|
| ૧ | DE | DE | DE | DE | 99XXXXXXXX |
| ૨ | DE | DE | DE | DE | 99XXXXXXXX |
| ૩ | DE | DE | DE | DE | 99XXXXXXXX |
| ૪ | DE | DE | DE | DE | 99XXXXXXXX |

## (૫) હયાતીમાં હક્કદાખલ સંમતિલેખ મુજબ દાખલ કરવાના વારસદારોની વિગત *

| ક્રમ | હયાતીમાં હક્કદાખલ સમંતિલેખ મુજબના વારસદારોના નામ | ઉંમર | સગીર વારસદારના કિસ્સામાં વાલીનું નામ (OPTIONAL) | સરનામું | મોબાઈલ નં. |
|---|---|---|---|---|---|
| ૧ | DE | DE | DE | DE | 99XXXXXXXX |
| ૨ | DE | DE | DE | DE | 99XXXXXXXX |
| ૩ | DE | DE | DE | DE | 99XXXXXXXX |
| ૪ | DE | DE | DE | DE | 99XXXXXXXX |

## (૬) પેઢીનામાંની વિગત :- *

તલાટીનું નામ : DE

પેઢીનામું કર્યા તારીખ : DE/DE/DE

જાવક નં: DE/DE

**(૭) હયાતીમાં હક્ક દાખલ સંમતિલેખની વિગત :- ***

સ્ટેમ્પ નંબર : DE

સ્ટેમ્પ ની તારીખ : DE/DE/DE

લેખ નોંધણી તારીખ : DE/DE/DE

(૮) જમીન મહેસુલ અધિનિયમ- ૧૮૭૯ ની કલમ-૧૩૫ (ગ) મુજબની પ્રક્રિયા અન્વયે મહેસુલી રેકર્ડમાં હયાતીમાં હક્ક દાખલ કરવા અને કાયદા મુજબના વારસદારોના નામ મહેસુલી રેકર્ડમાં લાવવા માટે હું/અમે આ અરજી કરૂ છું/ કરીએ છીએ.

(૯) ઉક્ત તમામ વિગતો સત્ય છે અને ખરી છે જે જાહેર કરૂ છું/ કરીએ છીએ. ઉક્ત વિગતો અમારી હયાતીમાં તથા સંપૂર્ણ સભાનાવસ્થામાં, બિનકેફ અવસ્થામાં તથા કોઇપણ જાતના દબાણ વિના, મારા/ અમારા ધર્મના સોગંદ પર જાહેર કરૂ છું/જાહેર કરીએ છીએ.

સોગંદ પર ખોટી વિગતો જાહેર કરવી, જાણી બુઝીને સરકારી તંત્રને તથા ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારીને ગેરમાર્ગે દોરવા તથા ખોટી વિગતો રજુ કરવી તે ભારતીય દંડ સંહિતાની (આઇ.પી.સી.) ની કલમ- ૧૯૨, ૧૯૫, ૧૯૬ અને ૧૯૮ મુજબ દંડ ને પાત્ર છે, તે હું/અમો જાણીએ છીએ અને રજુ કરેલ વિગતો ખોટી જણાયે મારી/અમારી વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાપાત્ર રહેશે તે હું/અમો જાહેર કરીએ છીએ.

સ્થળ :-

તારીખ:-

અરજદારની સહી.......

(અરજદારનું નામ)

**(૧૦) અપલોડ કરવાના સાધનિક કાગળો**

- **તલાટીએ બનાવેલ પેઢીનામુ ***

- **હયાતીમાં હક્કદાખલનો સંમતિ લેખ ***

- **કોર્ટનો હુકમ. (કોર્ટના હુકમના કિસ્સામાં)**